# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

જિલ્લા સેવા સદન-૨, બ્લોક નં.-3 , અઠવાલાઇન્સ, સુરત
ફોન નં. 0261-2662902, ફેક્ષ નં.-0261-2662903

જા.નં: મા-૫/CCC/વેરિફિકેશન/૨૦૨૧-૨૨/૨૩૦૯૯ તા.૨૧/૧૫/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી /ઇન્ચાર્જ આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (તમામ),

ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ (તમામ),

પ્રાયોગિક શાળાઓ (તમામ),

જિ-સુરત.

**વિષય:-** આપની શાળાનાં કર્મચારીઓની CCC ના પ્રમાણપત્રોની ખરાઇ કરાવ્યા બાદ જ ઉ.પ.ધો / બઢતી/ પગાર ફિક્સેશન વગેરેની દરખાસ્ત અત્રેની કચેરીએ રજૂ કરવા બાબત.

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપશ્રી દ્વારા આપની શાળાઓના કર્મચારીઓની ઉ.પ.ધો, બઢતી, પગાર ફિક્સેશન વગેરેની દરખાસ્ત અત્રેની કચેરી ખાતે રજુ કરવામાં આવે છે. જે મંજુરી સબબ અત્રેની કચેરી દ્વારા વડી કચેરી ખાતે મોકલી આપવામાં આવે છે. જે બાબતે આપને જણાવવાનું કે હવેથી આપની શાળાના કર્મચારીઓની ઉ.પ.ધો,બઢતી,પગાર ફિક્સેશન વગેરેની દરખાસ્ત સાથે રજૂ કરવામાં આવતાં CCC (કોમ્પ્યુટર કૌશલ્ય) ના પ્રમાણપત્રોની ઓનલાઇન ચકાસણી કરાવ્યા બાદ જ અત્રેની કચેરીમાં રજૂ કરવા માટે જણાવવામાં આવે છે. તેમજ શાળાના જે કર્મચારીઓના CCC (કોમ્પ્યુટર કૌશલ્ય)ના પ્રમાણપત્રોનું ઓનલાઇન વેરીફીકેશન શક્ય ન હોય તેવા કેસોનું ઓફલાઇન ખરાઇ કરાવ્યા બાદ ખરાઇ થયેલ પ્રમાણપત્રની હાર્ડકોપી દરખાસ્ત સાથે સામેલ રાખીને જ ઉ.પ.ધો, બઢતી, પગાર ફિક્સેશન સબબ અત્રેની કચેરીને રજૂ કરવા માટે જણાવવામાં આવે છે.

પ્રમાણપત્ર ખરાઇ કરાવ્યા બાબતની બાંહેધરી (કર્મચારી તથા આચાર્યશ્રી દ્વારા) ઉપયુક્ત દરખાસ્ત સાથે સામેલ રાખવાની રહેશે. .ઓનલાઇન/ઓફલાઇન વેરિફિકેશન થયા બાબતનું પ્રમાણપત્ર સામેલ રાખ્યા વિનાની દરખાસ્ત અત્રેની કચેરી દ્વારા સ્વીકાર કરવામાં આવશે નહી.

વધુમાં જણાવવાનું કે જે શાળાના કર્મચારીઓના CCC (કોમ્પ્યુટર કૌશલ્યા) ના પ્રમાણપત્રોની આચાર્યશ્રી/ઇનચાર્જ આચાર્યશ્રી દ્વારા ઓનલાઇન/ઓફલાઇન ચકાસણી થયેલ ન હશે અને ત્યારબાદ આ બાબતની ફરીયાદ અત્રેની કચેરીને મળશે તો લગત શાળાના આચાર્યશ્રી/ ઇનચાર્જ આચાર્યશ્રી તેમજ લગત શાળાના સંસ્થા મંડળ વિરૂધ્ધ શિસ્ત વિષયક તથા ફોજદારી કાર્યવાહી અત્રેની કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો સુરત.

Scanned with CamScanner